# સંગ્રામ ગુજરાતનો

# 'વચનેશું કિંમ દરિદ્રતા': જનતાને હથેળીમાં ચાંદ બતાવતા વચનો મળ્યાં

## એકમાત્ર નરેન્દ્ર મોદીએ જે વચનો આપ્યાં તે પાળ્યા છે, માધવસિંહ પહેલાના મુખ્યમંત્રીઓએ સ્લોગન આપ્યાં નથી પરંતુ નક્કર કામ કર્યા છે

ગાંધીનગર

ગુજરાતના પહેલા મુખ્યમંત્રી જીવરાજ મહેતાએ વચનો આપ્યાં નથી પરંતુ નક્કર કામ કર્યાં છે પરંતુ રાજ્યની જનતાને મળેલા અનેક મુખ્યમંત્રી એવાં હતા કે જેમણે વચનો આપ્યાં છે પરંતુ તેઓએ કદી પાળ્યા નથી અથવા તો વચનો પૂરાં કરવા માટે સત્તામાં ટકી શક્યા નથી. ગુજરાતની કાયાપલટ કરવાના અનેક વચનો હજી સુધી પૂરાં થયાં નથી. જીવરાજ મહેતા સ્લોગનમાં નહીં નક્કર વિકાસમાં માનતા હતા એટલે તેમણે પ્રજાને કોઈ વચનો આપ્યાં નથી. સૂત્રો વહેતા કર્યા નથી. હથેળીમાં ચાંદ બતાવનારા મુખ્યમંત્રીઓ પણ ગુજરાતને મળ્યાં છે. સૂત્રો આપવાની શરૂઆત કોંગ્રેસના મુખ્યમંત્રી તરીકે રહી ચૂકેલા માધવસિંહ સોલંકીએ શરૂ કરી હતી. તેમણે પહેલું સૂત્ર મીની જાપાનનું આપ્યું હતું અને કહ્યું હતું કે હું ગુજરાતને જાપાન બનાવી દઈશ, પરંતુ તેમણે તો ગુજરાતને અનામતની આગમાં સોંપી દીધું હતું. તેમના પછી આવેલા અમરસિંહ ચૌધરીએ સમાજિક ઉત્કર્ષ અને વિકાસ એવું રૂપકડું સૂત્ર આપ્યું હતું પરંતુ તેઓ શાંતિથી શાસન કરી શક્યા ન હતા.

**જેમણે સ્લોગન નહીં નક્કર કામ કર્યા છે**

- ડો. જીવરાજ મહેતા
- બળવંતરાય મહેતા
- ઘનશ્યામ ઓઝા
- હિતેન્દ્ર દેસાઈ
- બાબુભાઈ પટેલ

**૧૧ મુખ્યમંત્રીઓએ આપેલા સ્લોગન્સ....**

| | |
|---|---|
| માધવસિંહ સોલંકી | - મીની જાપાન |
| અમરસિંહ ચૌધરી | - સામાજિક ઉત્કર્ષ અને વિકાસ |
| ચીમનભાઈ પટેલ | - નયા ગુજરાત |
| છબીલદાસ મહેતા | - ઈકોનોમિક ટાઈગર |
| કેશુભાઈ પટેલ | - ભય, ભૂખ, ભ્રષ્ટાચારમુક્ત ગુજરાત |
| સુરેશ મહેતા | - ગૌરવવંતુ અને ઔદ્યોગિક ગુજરાત |
| શંકરસિંહ વાઘેલા | - શ્રેષ્ઠ ગુજરાત |
| દિલીપ પરીખ | - આદર્શ ગુજરાત |
| નરેન્દ્ર મોદી | - આપણું ગુજરાત, આગવું ગુજરાત |
| આનંદીબહેન પટેલ | - ગતિશીલ ગુજરાત |
| વિજય રૂપાણી | - પ્રગતિશીલ ગુજરાત |

કેટલાક મુખ્યમંત્રીઓના સૂત્રો મુંગેરીલાલ કે હસીન સપને જેવાં રહ્યાં છે. ખાસ કરીને છબીલદાસ મહેતા, સુરેશ મહેતા, શંકરસિંહ વાઘેલા, દિલીપ પરીખ અને વિજય રૂપાણીએ આપેલા સૂત્રો પ્રમાણે તેઓ કામ કરી શક્યા નથી. સંજોગોએ જેમને સીએમની ખુરશી આપી છે તેઓ જનતાનું ભલું કરી શક્યા નથી. એકમાત્ર નરેન્દ્ર મોદી એક એવા મુખ્યમંત્રી રહ્યાં છે કે જેમણે ગુજરાત ઉપર ૧૨ વર્ષ સુધી શાસન કર્યું છે અને તેઓ જે બોલ્યા છે તે પાળ્યું છે. ગુજરાતની કાયાપલટ તેમણે કરી છે. ગુજરાતની સ્થાપના પછી અત્યાર સુધીમાં કુલ ૧૭ મુખ્યમંત્રી આવ્યાં છે. સરકાર કેવી રીતે ચલાવવી તે કેટલાક મુખ્યમંત્રી સમજી શક્યા નથી. જીવરાજ મહેતાની જેમ બળવંતરાય મહેતા, ઘનશ્યામ ઓઝા, હિતેન્દ્ર દેસાઈ અને બાબુભાઈ પટેલ જેવા નખશીખ રાજકીય નેતાઓએ ગુજરાતના વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. આજે પણ ગુજરાતની જનતા તેમને યાદ કરે છે, પરંતુ નરેન્દ્ર મોદી પહેલાંના અનેક મુખ્યમંત્રી એવાં મળ્યાં છે કે જેઓ ગુજરાતને વિકાસની દિશામાં ચઢાવી શક્યા નથી.

# છેલ્લી છ ચૂંટણીમાં કોંગ્રેસના મતો અને બેઠકોમાં વધારો છતાં પાર્ટી સત્તાવંચિત

## ૧૯૯૫ અને ત્યારપછી યોજાયેલી ચૂંટણીઓ પૈકી ૨૦૦૨માં ભાજપને સૌથી વધુ ૧૨૭ બેઠકો મળી હતી

ગાંધીનગર

ગુજરાતમાં વિધાનસભાની છેલ્લી છ ચૂંટણીમાં કોંગ્રેસના મતો અને બેઠકોમાં વધારો થયો છે પરંતુ પાર્ટી છેલ્લા ૨૭ વર્ષથી સત્તાવંચિત રહી જવા પામી છે. ૨૦૧૭ની છેલ્લી ચૂંટણીમાં તો કોંગ્રેસને માત્ર ૧૫ બેઠકો ઓછી મળતાં સત્તા મળી શકી ન હતી.

રાજ્યમાં સૌથી વધુ ૧૪૯ બેઠકો જીતવાનો વિક્રમ જેના નામે છે તે વિપક્ષ કોંગ્રેસમાં એવો બાહુબલી નેતા રહ્યો નથી કે પાર્ટીને ચૂંટણીની વૈતરણી પાર કરાવી શકે. ૧૯૮૫ની ચૂંટણીમાં માધવસિંહ સોલંકીના સમયમાં આટલી વિક્રમી બેઠકો આવી હતી. છેલ્લી ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલનના કારણે કોંગ્રેસને ફાયદો થયો હતો પરંતુ બળવાખારી કરવા ટેવાયેલા શંકરસિંહ વાઘેલાએ ભાજપને સાથ આપતાં કોંગ્રેસ અને સત્તાને હાથ વેંચનું છેટું રહી ગયું હતું. કોંગ્રેસે થોડી બેઠકો માટે સત્તા ગુમાવી હતી.

ગુજરાતમાં ભાજપનો ઉદય ૧૯૯૫માં થયો હતો. એ સમયે યોજાયેલી ચૂંટણીમાં મુખ્યમંત્રીના ઉમેદવાર ઘોષિત કરવામાં આવ્યા ન હતા તેમ છતાં પાર્ટીને ૧૨૧ બેઠકો મળી હતી પરંતુ પાર્ટી સત્તા પચાવી શકી ન હતી અને આંતરિક બળવાખોરીના કારણે કેશુભાઈ પટેલને છ મહિનામાં જ સત્તા ગુમાવવી પડી હતી. જો કે ત્યારપછી કેશુભાઈના નેતૃત્વમાં ૧૯૯૮માં ચૂંટણી યોજાઈ ત્યારે ભાજપને ૧૧૭ બેઠકો મળી હતી.

આ સમયે કચ્છનો ભૂકંપ કેશુભાઈને નડી ગયો અને હાઈકમાન્ડે નરેન્દ્ર મોદીને ગુજરાતના મુખ્યમંત્રી બનાવ્યા હતા. મોદીના નેતૃત્વમાં લડાયેલી ૨૦૦૨ની ચૂંટણીમાં ગોધરાકાંડ ભાજપને ફળી ગયું અને ગુજરાતની જનતાએ સૌથી વધુ ૧૨૭ બેઠકો ભાજપને આપી દીધી હતી. મોદીના નેતૃત્વમાં ભાજપને ૨૦૦૭માં ૧૧૭ અને ૨૦૧૨માં ૧૧૫ બેઠકો મળી હતી.

મોદીના દિલ્હી ગયા પછી ભાજપની પક્કડ મતદારો પર ઢીલી પડતી ગઈ છે પરંતુ શાસન ટકાવી રાખ્યું છે. ૨૦૧૭માં છેલ્લે યોજાયેલી ચૂંટણીમાં ભાજપને માત્ર ૯૯ બેઠકો મળી હતી જે છેલ્લા છ ટર્મમાં સૌથી ઓછી છે. આ સમયે વિજય રૂપાણીના નેતૃત્વમાં પાર્ટીએ ચૂંટણી લડી હતી. કહેવાય છે કે ગોધરાકાંડ એ ભાજપ માટે ટર્નિંગ પોઈન્ટ હતો. કોંગ્રેસને ૧૯૯૫માં ૪૫, ૧૯૯૮માં ૫૩, ૨૦૦૨માં ૫૧, ૨૦૦૭માં ૫૯ અને ૨૦૧૨માં ૬૧ બેઠકો મળી હતી.

**ભાજપને સૌથી વધુ મત ક્યારે મળ્યા**

ભાજપને સૌથી વધુ ૪૯.૦૫ ટકા મત ૨૦૧૭માં મળ્યા હતા પરંતુ બેઠકો ઓછી મળી હતી. એ ચૂંટણીમાં કોંગ્રેસને ૪૧.૪૪ ટકા મત મળ્યા હતા જેમાં વિપક્ષે ૭૭ બેઠકો હાંસલ કરી હતી. ભાજપ અને કોંગ્રેસના મતોની ટકાવારીમાં આઠ થી દસ ટકા જેટલું મોટું અંતર જોવા મળ્યું છે. કોંગ્રેસને સૌથી વધુ ૪૧.૪૪ ટકા મતો ૨૦૧૭ની ચૂંટણીમાં મળ્યાં છે. બાકીની ચૂંટણીમાં વિપક્ષને ૩૨ થી ૩૯ ટકા સુધીના મતો મળ્યાં છે.

# રાજ્યની છ એવી બેઠકો કે જ્યાં ૨૭ વર્ષથી ભાજપનો ગજ વાગ્યો નથી

## આ વખતે આ બેઠકોને પાર્ટીએ કેન્દ્રસ્થાને રાખી રણનીતિ બનાવી છે, મતદારોને ફેરવવા અઘરા છે

ગાંધીનગર

ગુજરાતની એવી છ બેઠકો છે કે જ્યાં ૨૭ વર્ષથી ભાજપનો ગજ વાગ્યો નથી. આ છ પૈકી પાંચ બેઠકો કોંગ્રેસના પંજામાંથી છોડાવી શકાઈ નથી. એક બેઠક પર છોટુ વસાવાનું વર્ચસ્વ છે. જો કે ભાજપે આ બેઠકો કબજે કરવા નવી રણનીતિ બનાવી છે, તેમ છતાં મતદારો ફેરવવા અઘરા છે.

આ બેઠકમાં મહુધા, ઝઘડીયા, બોરસદ, આંકલાવ, વ્યારા અને વાસંદા છે. ગુજરાતમાં આવેલી છેલ્લી ચૂંટણીઓમાં ભાજપના નેતાઓએ આ બેઠકો મેળવવા આકાશ પાતાળ એક કર્યા છે પરંતુ નિષ્ફળતા મળી છે. ભાજપના ત્રણ પૂર્વ મુખ્યમંત્રીઓ કેશુભાઈ પટેલ, નરેન્દ્ર મોદી અને વિજય રૂપાણીના શાસનમાં આ બેઠકો આવી શકી નથી.

ખેડા જિલ્લાના મહુધામાં ઠાકોર અને પાટીદારોનું વર્ચસ્વ છે. ઝઘડિયા બેઠક પર છોટુ વસાવાની પાર્ટી બીટીપી કોઈને જીતવા દેતી નથી. ૧૯૯૦થી છોટુ વસાવા આ બેઠક પરથી વિજય મેળવી રહ્યાં છે. બોરસદ બેઠક પર કોંગ્રેસનો પાવર છે. નવા સિમાંકન પછી આંકલાવ બેઠક અસ્તિત્વમાં આવી છે જ્યાં કોંગ્રેસના ઉમેદવાર બે ટર્મથી જીતે છે. વાંસદા અને વ્યારા બેઠક પર આદિવાસી મતદારોનું પ્રભૂત્વ છે.

# ભાજપના સ્ટાર કેમ્પેઈનરોની યાદીમાં રૂપાણી અને નીતિન પટેલનો સમાવેશ

## ૪૦ નેતાઓની યાદીમાં ટોચ ક્રમે વડાપ્રધાન મોદી, અમિત શાહ અને જેપી નડ્ડા, પરેશ રાવલ અને હેમા માલિની પણ હશે

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની પહેલા તબક્કાની ચૂંટણીના પ્રચાર માટે ભાજપે તેના રાષ્ટ્રીય નેતાઓ સહિત કુલ ૪૦ સ્ટાર કેમ્પેઈનરોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં જેમને ટિકીટ મળી નથી તેવા પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો સમાવેશ કર્યો છે. ભાજપના ઉમેદવારોના પ્રચારમાં આવનારા સ્ટાર કેમ્પેઈનરોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા ટોચ પર છે. એ ઉપરાંત કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહ, નીતિન ગડકરી, સ્મૃતિ ઈરાની તેમજ ગુજરાતના સાંસદો કે જેઓ કેન્દ્રમાં મંત્રી છે તેમનો સમાવેશ થાય છે. ગુજરાત ભાજપના સાંસદો પણ પ્રચાર કાર્યમાં જોડાશે. આ યાદીમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવિસ અને આસામના હેમન્ત બિશ્વા શર્માનો સમાવેશ થાય છે. એ ઉપરાંત સાસંદ હેમા માલિની, રવિ કિશન, મનોજ તિવારી તેમજ અમદાવાદના પૂર્વ સાંસદ પરેશ રાવલ ભાજપા ઉમેદવારોનો પ્રચાર કરશે. આ યાદીમાં ગુજરાતમાંથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ, રત્નાકર, હર્ષ સંઘવી, પ્રદીપસિંહ વાઘેલા, મનસુખ વસાવા, પ્રશાંત કોરાટ, વજુભાઈ વાળા, કુંવરજી બાવળિયા, ગણપત વસાવા, પરશોત્તમ સોલંકી, પરિન્દુ ભગતનો સમાવેશ કરવામાં આવ્યો છે.



## યુવા મતદારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં ૯૦ થી ૯૯ વર્ષના મતદારોની સંખ્યા ૨૯૫૯ છે. ગાંધીનગર (દ)માં ૭૧૫, ગાંધીનગર (ઉ)માં ૬૮૪, માણસામાં ૬૨૯, કલોલમાં ૪૮૫, દહેગામમાં ૪૪૬ મતદારો છે.

જિલ્લામાં આ વખતના જંગમાં યુવા મતદારો નિર્ણાયક બનશે તેમાંય ૧૮ થી ૩૦ વર્ષની વયજૂથના મતદારો વધુ મહત્વના પૂરવાર થશે.

## મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્સાહભેર ભાગ લેવા અનુરોધ કર્યો હતો. ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું હતું કે, હિમાચલ પ્રદેશના કિન્નૌર જિલ્લાના કલ્પા ગામમાં એક મતદાન મથક પર નઝરીમ મણિ, ૯૦ અને તેમની ૮૭ વર્ષીય પત્નીએ મતદાન કર્યું હતું. મતદાન કર્યા બાદ મણિએ રાજ્યના મતદારોને લોકશાહીના આ તહેવારમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા આગ્રહ કર્યો હતો. પ્રથમ વખત મતદારોને શુભેચ્છા પાઠવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મતદારોને ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા અપીલ કરી હતી.

વિધાનસભા ચૂંટણીમાં ૪૧૨ ઉમેદવારોમાંથી ૨૪ મહિલા અને ૩૮૮ પુરૂષો છે. કુલ ૫૫,૯૨,૮૨૮ મતદારો તેમના પ્રતિનિધિઓને ચૂંટશે. તેમાંથી, ૧૯૩,૧૦૬ ૧૮-૧૯ વર્ષની વય જૂથમાં પ્રથમ વખત મતદારો છે. ૮૦ વર્ષથી વધુ ઉંમરના ૧૨૧,૪૦૯ મતદારો છે, જ્યારે અન્ય ૫૬,૫૦૧ વિકલાંગ છે. મુખ્ય મુકાબલો ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે છે.

## દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. આ ઓપરેશનમાં સાજીદ અજમલ શેખ અને સાહેઝાદ નામના કૌભાંડના માસ્ટર માઈન્ડ ઝડપાયા છે. આ બંને માસ્ટરમાઈન્ડનું પીએફઆઈ સાથે કનેક્શન હોવાની આશકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સુરતમાં ૧૦થી વધુ લોકોની અટકાયત કરી એસઓજી ઓફિસ પર પૂછપરછ કરવામાં આવી રહી છે. નકલી બિલના નામે કરોડો રૂપિયાનું લેવડ-દેવડ કર્યું હોવાની આશંકા છે. ખેડા અને વડોદરા જિલ્લામાં પણ ગુજરાત એટીએસ અને જીએસટી વિભાગે ઓપરેશન હાથ ધર્યું છે.

વિધાનસભાની ચૂંટણીમાં મોટા પાયે કાળા નાણાનો ઉપયોગ થવાની સંભાવના છે. ચૂંટણીમાં ગેરકાયદેસર નાણાનો ઉપયોગ થવાની શક્યતાને રોકવા માટે ચૂંટણી પહેલા આવા દરોડા પાડવામાં આવતા હોવાની અટકળો ચાલી રહી છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં ૧ અને ૫ ડિસેમ્બરે યોજાવા જઈ રહી છે. તેના પરિણામો હિમાચલ પ્રદેશના ચૂંટણી પરિણામોની સાથે ૮ ડિસેમ્બરે જાહેર થવાના છે. ગુજરાતની સત્તા પર છેલ્લા ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનો કબજો છે. આ વખતે તેઓ કોંગ્રેસની સાથે આમ આદમી પાર્ટીના પડકારનો સામનો કરી રહ્યા છે.

## ભૂકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રસ્તા પર એકસાથે કેટલાય વાહનો આવવાથી અને પહેલા નિકળી જવાની હોડમાં કેટલીય જગ્યાએ જામ થયું હતું. પ્રશાંત સુનામી ચેતવણી કેન્દ્ર અનુસાર, શુક્રવાર સવારે અમેરિકી સમોઆ માટે સુનામીની સલાહ પણ જાહેર કરવામા આવી હતી. ભૂકંપનું કેન્દ્ર ૧૮૬ માઈલની અંદર ભૂકંપ ખતરનાક સુનામીની લહેરો સંભવ છે. તેમાં ટોંગા, નીયૂ અને અમેરિકી સમોઆના તટ પ્રભાવિત થઈ શકે છે.

## વિકાસના પંથે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગતિશક્તિ પ્લાનથી માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણની ગતિને વેગ આપ્યો નથી પરંતુ પ્રોજેક્ટમાં થતા ખર્ચમાંપણ ઘટાડો થયો છે. પીએમએ કહ્યું કે, આજે શરૂ કરવામાં આવેલો આર્થિક કોરિડોર આંધ્રપ્રદેશમાં વેપાર અને ઉત્પાદનને વેગ આપવા માટે મલ્ટિમોડલ કનેક્ટિવિટીમાં સુધારો કરશે.

## શિયાળુ સત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડિસેમ્બર ૨૦૨૦માં નવા સંસદ ભવનની આધારશિલા રાખી હતી. તેનું કામ ટાટા પ્રોજેક્ટ્સ લિમિટેડ કરી રહ્યું છે. આ નવું સંસદ ભવન સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનો ભાગ છે. આપને જણાવી દઈએ કે, ગુજરાત વિધાનસભા ચૂંટણી ૧ અને ૫ ડિસેમ્બરે છે. જ્યારે ગુજરાત અને હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીના પરિણામ ૮ ડિસેમ્બર છે. સરકારના ટાર્ગેટ શિયાળુ સત્ર શરુ થતા પહેલા નવા ભવનનું નિર્માણ પુરુ કરવાનો હતો, પણ અમુક કામ નિર્ધારિત સમય કરતા વધારે સમય માગી લેશે.

# મંત્રીઓના નિવાસસ્થાનમાં ૨૬ નંબરનો બંગલો નેતાઓ માટે હંમેશા શુકનિયાળ

## આ બંગલાએ ચાર એવા મુખ્યમંત્રી આપ્યાં છે કે જેઓ સરકારની કેબિનેટમાં નંબર-ટુનું સ્થાન ધરાવતા હતા

ગાંધીનગર

ગુજરાતના મંત્રીમંડળના સભ્યોને ગાંધીનગરમાં ફાળવવામાં આવતા બંગલાઓ પૈકી ૨૬ નંબરનો બંગલો વર્ષોથી રાજનેતાઓ માટે શુકનિયાળ રહ્યો છે. આ બંગલાએ અત્યાર સુધીમાં એવા ચાર મુખ્યમંત્રી આપ્યાં છે, કે જેઓ સરકારની કેબિનટમાં નંબર-ટુનું સ્થાન ધરાવતા હતા. એટલું જ નહીં આનંદીબહેન પટેલ સિવાય ભાજપના મુખ્યમંત્રી થયેલા નરેન્દ્ર મોદી, વિજય રૂપાણી અને ભૂપેન્દ્ર પટેલને આ બંગલો ફળ્યો છે.

મંત્રીમંડળ નિવાસસ્તાનનો રાજકીય ઈતિહાસ એવો છે કે માધવસિંહ સોલંકી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે બંગલા નં-૧ ને તેમનું નિવાસસ્થાન બનાવ્યું હતું, જ્યારે બગલમાં આવેલા બંગલા નં-૨૬નું નિવાસસ્થાન કેબિનેટમાં નંબર-૨નું સ્થાન ધરાવતા નાણા કે ઉદ્યોગમંત્રીને મળતું હતું. માધવસિંહ વખતે અમરસિંહ ચૌધરી નાણામંત્રી હતા અને તેમને રહેવા માટે ૨૬ નંબરનો બંગલો ફાળવવામાં આવ્યો હતો.

આ બંગલમાં રહીને અમરસિંહ ચૌધરી મુખ્યમંત્રી બન્યા હતા. તેમના પછી ચીમનભાઈ પટેલ બંગલા નં-૧માં રહેતા હતા અને ૨૬ નંબરમાં નાણામંત્રી છબીલદાસ મહેતા રહેતા હતા. ચીમનભાઈ પછી તેઓ મુખ્યમંત્રી થયા હતા. ૧૯૯૫માં કેશુભાઈ સત્તાસ્થાને આવ્યા ત્યારે તેમણે બંગલા નં-૧ને નિવાસસ્થાન બનાવ્યું હતું અને ૨૬ નંબરનો બંગલો નાણામંત્રી સુરેશ મહેતાના ફાળવવામાં આવ્યો હતો. સુરેશ મહેતા પણ નસીબજોગ મુખ્યમંત્રી બન્યા હતા. ભાજપમાં બળવા પછી શંકરસિંહ વાઘેલા જ્યારે ૧૯૯૭માં મુખ્યમંત્રી થયા ત્યારે તેમણે પણ બંગલા નં-૧માં નિવાસસ્થાન બનાવ્યું હતું અને ૨૬ નંબરનો બંગલો દિલીપ પરીખને રહેવા માટે આપ્યો હતો. શંકરસિંહ પછી દિલીપ પરીખ પણ મુખ્યમંત્રી બન્યાં હતા. આ બંગલાનો રાજકીય ઈતિહાસ જોઈને નરેન્દ્ર મોદીએ સત્તા મેળવ્યા પછી બંગલા નં-૧માં ઓફિસ અને ૨૬ નંબરમાં તેમનું નિવાસસ્થાન બનાવી દીધું હતું જેથી આ બંગલામાં રહેતા કોઈ કેબિનેટ મંત્રી મુખ્યમંત્રી બની શકે નહીં. આ બંગલાનો ઈતિહાસ અહીયા પુરો થતો નથી. ૨૦૦૧થી બંગલા નંબર ૨૬માં રહેતા નરેન્દ્ર મોદીએ ૧૨ વર્ષ સુધી એટલે કે જ્યાં સુધી શાસન કર્યું ત્યાં સુધી આ બંગલાને છોડ્યો ન હતો, પરંતુ તેમના પછી આવેલા આનંદીબહેન પટેલ આ બંગલમાં રહેતા હતા પરંતુ તેઓ એકમાત્ર અપવાદ છે. કેમ કે તેમના પછી આવેલા વિજય રૂપાણી કે જેઓ ૨૬ નંબરમાં રહેતા હતા તેમના નેતૃત્વમાં વિધાનસભાની ચૂંટણી લડાઈ હતી. તેમના પછી હવે ભૂપેન્દ્ર પટેલ પણ આ બંગલામાં રહેતા હતા અને તેમના નેતૃત્વમાં ચૂંટણી લડાઈ રહી છે.

નરેન્દ્ર મોદી પછી મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાન બંગલા નં-૧ને તમામ મુખ્યમંત્રીઓએ મુખ્યમંત્રી કાર્યાલય બનાવી દીધું છે અને ૨૬ નંબરને સત્તાવાર નિવાસસ્થાન બનાવ્યું છે. કોઈ મુખ્યમંત્રીએ આ બંગલાને નંબર-ટુનું સ્થાન ધરાવતા બીજા કોઈ સિનિયર મંત્રીને ફાળવ્યો નથી.

**૨૬ નંબરનો બંગલો કોને ફળ્યો છે?**

- માધવસિંહ સોલંકી પછી અમરસિંહ ચૌધરી
- ચીમનભાઈ પટેલ પછી છબીલદાસ મહેતા
- કેશુભાઈ પટેલ પછી સુરેશ મહેતા
- શંકરસિંહ વાઘેલા પછી દિલીપ પરીખ
- ૨૦૦૧માં ઝસ્નું સત્તાવાર નિવાસસ્થાન બન્યો
- વિજય રૂપાણીના નેતૃત્વમાં ચૂંટણી
- ભૂપેદ્ર પટેલના નેતૃત્વમાં ચૂંટણી
- આનંદીબહેન અપવાદરૂપ કિસ્સો

# ચૂંટણીમાં ટિકિટ વહેંચણી મુદ્દે ભાજપમાં ઠેર-ઠેર ભડકો



ઉમેદવારોની યાદી જાહેર કરાતા નારાજગીનો દોર યથાવત રહ્યો છે. વીજાપુરથી ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો કમલમ્ ખાતે આવી પહોંચ્યા હતા. રમણભાઈ પટેલને વિજાપુરથી ટીકીટ અપાતા ૩૫૦૦ જેટલા કાર્યકરો ઉમેદવાર બદલવાની માંગ કરી રહ્યા છે.

# વિજાપુરમાં રમણ પટેલને રિપિટ કરાતા હલ્લાબોલ

ગાંધીનગર, તા.૧૨

વિજાપુરના ધારાસભ્ય રમણ પટેલને ફરીથી ટિકિટ અપાતા તેની સામે કાર્યકરો અને લોકો ભારે વિરોધ કરી રહ્યાં છે. આજે બે હજાર જેટલા કાર્યકરો કોબા ખાતેના ભાજપના કાર્યાલય કમલમ ખાતે આવી ગયા હતા. તેમજ સૂત્રોચ્ચારથી કમલમને ગુંજવી દીધુ હતુ. કાર્યકરો મોટી સંખ્યામાં એકાએક જ આવી ચઢતા હોદેદારો મુંઝાયા હતા. અહીંના મોટા હોલમાં બધાને શાંતિથી બેસાડવાની વ્યવસ્થા કરાઈ હતી. જો કે હોલ પણ નાનો પડ્યો હતો. ઉશ્કેરાયેલા કાર્યકરોની ફરિયાદ છે કે, પાંચ વર્ષ દરમિયના ક્યારેય ધારાસભ્ય અમારા વિસ્તારમાં દેખાયા નથી. અમારા નાના મોટા કામો કર્યા નથી. અનેક ફરિયાદો અને રજૂઆતો કર્યા છતા તેમણે ક્યારેય પ્રજાના પ્રશ્નોનુ નિરાકરણ કર્યુ નથી.માટે તેમને ટિકિટ આપવી જોઈએ નહી. કાર્યકરોના મોટા ટોળા દ્વારા હલ્લાબોલ કરાતા તુરંત જ મોટા નેતાઓ સુધી વાત પહોંડાતા ભારે દોડધામ થઈ હતી. કોઈપણ હિસાબે આ ટોળાને સમજાવીને પરત કરવા માટેના પ્રયાસો શરૂ થયા છે. જો કે. કાર્યકરો-આગેવાનોની એક જ માગણી છે કે, રમણ પટેલ પાસેથી ટિકિટ પાછી લો અને કોઈ સારા ઉમેદવારને ટિકિટ આપો. જ્યારે પ્રદેશના નેતઆ સમજાવી રહ્યાં છે કે, ટિકિટની ફાળવણીનો નિર્ણય અમે નથી કરતા આ નિર્ણય દીલ્હીની પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં થાય છે. આમછત્તા અમે તમારી લાગણીને પહોંચાડીશુ.